## પ્રકરણ ૧૩

# નિયમન અને ગ્રાહક સલાહ

---

**અનુક્રમણિકા** **અભ્યાસક્રમ શીખવાના પરિણામ**

---


| | |
|---|---|
| ક. સરકારની ભૂમિકા | ૧૩.૨ |
| ખ. મહત્વની ભારતીય અને આંતરરાષ્ટ્રીય વીમા સંસ્થાઓ | ૧૩.૩ |
| ગ. ઈરડા તથા અન્ય નિયામકોની ફરજો, સત્તા અને કામગીરી | ૧૩.૧ |
| ઘ. ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો, ૨૦૦૦ | ૧૩.૧ |


### <u>શીખવાના હેતુ</u>

આ પ્રકરણ શીખ્યા બાદ તમે નીચેની બાબતમાં પાવરધા બની શકશોઃ

- વીમા ઉદ્યોગના વિકાસને વેગ આપવા ભારતીય સરકાર દ્વારા ભજવાતી ભૂમિકા વર્ણવવામાં;
- વિવિધ ભારતીય અને આંતરરાષ્ટ્રીય વીમા સંસ્થાઓની વીમા ઉદ્યોગમાં રહેલી ભૂમિકાની રૂપરેખા જણાવવામાં;
- વીમા નિયામક તરીકે ઈરડાની ફરજો, સત્તા અને કામગીરી સમજાવવામાં;
- ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો, ૨૦૦૦ની મુખ્ય વિશિષ્ટતા વર્ણવવામાં.

## <u>રજૂઆત</u>

આપણા અભ્યાસક્રમ દરમ્યાન આપણે આ અગાઉ ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા) બાબત ચર્ચા કરી ગયા અને **ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા) ધારા, ૧૯૯૯** હેઠળ તેની કઈ રીતે સ્થાપના થઈ તે પણ અગાઉના પ્રકરણમાં આપણે જોયું. આપણે જાણીએ છીએ કે ઈરડા ભારતમાં વીમા નિયામક છે અને પોલીસિધારકોના હિતોના રક્ષણ તથા વીમા ઉદ્યોગના નિયમન, વિસ્તાર તથા ક્રમસર વિકાસ થાય તેની તકેદારી રાખવાના હેતુ સાથે તેની રચના થઈ છે. આ હેતુ સિદ્ધ કરવા ઈરડાની ફરજો, કામગીરી તથા સત્તાનો આપણે આ પ્રકરણમાં અભ્યાસ કરશું. વીમા એજન્ટોને લાયસન્સ જારી કરવાના અને તેને રિન્યુ કરવાના મુદ્દાને આવરી લેતી **ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો, ૨૦૦૦ની** જોગવાઈઓથી પણ આ પ્રકરણ તમને વાકેફ કરશે.

ભારતમાં વીમાના વિકાસ અને વિસ્તરણમાં ભારત સરકાર તથા અન્ય વિવિધ મહત્વની સંસ્થાઓ દ્વારા ભજવાતી ભૂમિકાની સમજણ સાથે આપણે પ્રારંભ કરશું.

## મુખ્ય મુદ્દા

**આ પ્રકરણ નીચેના શબ્દો અને ખ્યાલોની સમજ પૂરી પાડે છે:**

| | | | |
|---|---|---|---|
| ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા) | સીધું વિદેશી મૂડીરોકાણ (એફડીઆઈ) | લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ (એલઆઈસી) | ઈન્સ્ટિટ્યૂટ ઓફ એકચ્યુઅરિસ ઓફ ઈન્ડિયા ( (આઈએઆઈ) |
| ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈબીએઆઈ) | ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (આઈઆઈઆઈ) | ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી) | ડી-ટેરિફિકેશન |
| ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો, ૨૦૦૦ | લાયસન્સ રદ કરવા | પ્રત્યક્ષ (વ્યવહારૂ) તાલીમ | લાયસન્સ જારી કરવા |
| આચાર સંહિતા | ડૂપ્લિકેટ લાયસન્સ | | |

# ક: સરકારની ભૂમિકા

ભારતમાં કાયદાના અંતિમ સ્રોત તરીકે, સરકારે વીમા ઉદ્યોગના નિયમનમાં મહત્વની ભૂમિકા ભજવવાની રહે છે. વીમા ઉદ્યોગનું યોગ્ય રીતે નિયમન થાય છે કે નહી તેની તકેદારી રાખવા અને ભારતભરમાં વીમાના વિસ્તરણને ગતિ આપવા સમયે -સમયે પગલાં લેવાની તેને સત્તા છે.

## ક૧: ઈરડાને બરખાસ્ત કરવાની કેન્દ્ર સરકારને સત્તા

ઈરડા ધારો ૧૯૯૯, ભારતની કેન્દ્ર સરકારને નોટિફિકેશન બહાર પાડીને ઈરડાને બરખાસ્ત કરવાની સત્તા આપે છે. પોતાની કામગીરી અને ફરજો (ઈરડાના કાબૂ બહારના કારણોસર) બજાવવામાં ઈરડા અશક્તિમાન છે અથવા તેની ફરજો અને જવાબદારીઓ પરિપૂર્ણ કરવામાં તે સતત નિષ્ફળ જઈ રહી છે અથવા એવા સંજોગો સર્જાય જેને કારણે જાહેર હિતમાં પગલાં લેવાની આવશ્યકતા જણાય ત્યારે સરકાર તેની સત્તાનો ઉપયોગ કરે છે.

## ક૨: ઈરડા સાથે કેન્દ્ર સરકારના સંબંધ

ઈરડા સંબંધે કેન્દ્ર સરકારની ભૂમિકા ઈરડા ધારામાં સ્પષ્ટ કરાઈ છે. જે આપણે ટૂંકમાં નીચે પ્રમાણે સમજશું:

- સંસદ દ્વારા કાયદા પ્રમાણે યોગ્ય ફાળવણી કરાયા બાદ સદર ધારા હેઠળના હેતુના વપરાશ માટે ઈરડાને ગ્રાન્ટસ જારી કરવી.
- ઈરડાના વાર્ષિક ખાતાકીય અહેવાલનું ભારતના કમ્પટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા ઓડિટ થવું જોઈએ તથા તેનું પ્રમાણપત્ર મળવું જોઈએ અને બાદમાં તે કેન્દ્ર સરકારને મોકલવાનું રહે છે. આ અહેવાલ બાદમાં કેન્દ્ર સરકાર દ્વારા સંસદના દરેક ગૃહમાં રજૂ થવો જોઈએ.

● તકનિકી તથા વહીવટી બાબતો સિવાયની બાબતો અંગેની નીતિના પ્રશ્નો પર કેન્દ્ર સરકાર ઈરડાને નિર્દેશ જારી કરી શકે છે. આવા નિર્દેશો કેન્દ્ર સરકાર સમયે સમયે લેખિતમાં આપી શકે છે અને ઈરડાએ તેનું પાલન કરવાનું રહે છે.

● વીમા ઉદ્યોગના વિસ્તરણ અને વિકાસ માટે કોઈપણ સૂચિત અથવા વર્તમાન કાર્યક્રમ સંબંધિત માહિતી, નિવેદનો અને અન્ય વિગતો ઈરડાએ કેન્દ્ર સરકારને આવશ્યકતા પ્રમાણે સમયે -સમયે પૂરી પાડવાની રહે છે.

● ધારાની જોગવાઈઓના પાલન માટે નિયમો ઘડવા કેન્દ્ર સરકારને સત્તા છે અને નોટિફિકેશન જારી કરીને તે આ કરી શકે છે.

## આકૃતિ ૧૩.૧

## ઈરડા અને કેન્દ્ર સરકાર વચ્ચેના સંબંધ

ધારાની જોગવાઈઓના પાલન માટે નિયમો ઘડવા >

ગ્રાન્ટસ >

**કેન્દ્ર સરકાર** નીતિના પ્રશ્નો પર નિર્દેશ> **ઈરડા**

< ખાતાનો વાર્ષિક અહેવાલ

< કાર્યક્રમ સંબંધિત માહિતી, નિવેદનો અને વિગતો (રીટર્ન)

## કડ: ઉદ્યોગના વિકાસમાં સરકારની ભૂમિકા

વીમા ઉદ્યોગના વિકાસને ગતિ આપવા કેન્દ્ર સરકાર સમયે સમયે વિવિધ જોગવાઈઓ દાખલ કરે છે. વીમા ક્ષેત્રમાં વિદેશી રોકાણને મંજૂરી કેન્દ્ર સરકારે કરેલી જોગવાઈઓમાંની એક મુખ્ય જોગવાઈ છે. આને સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) કહેવાય છે.

## કડએ: સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ)

૨૦૦૦ પહેલાં ભારતમાં જીવન વીમાનો વેપાર કરવાનો અધિકાર માત્ર જીવન વીમા નિગમ (એલઆઈસી)ને એકલાને જ હતો.

વીમો એ લાંબા સમય સુધી નહી નફો નહીં નુકસાન સાથેનો ઘણો મૂડી પ્રધાન વ્યવસાય છે અને તે વ્યાપક નિપુણતા માંગી લે છે. સરકાર જ્યારે આ ક્ષેત્ર ખાનગી એકમો માટે ખુલ્લો મૂકવા વિચારી રહી હતી ત્યારે સૂચિત એકમો પાસે ન તો તકનિકી નિપુણતા હતી યા ન તો વીમા વ્યવસાય માટે આવશ્યક એટલી મૂડી હતી.. માટે વીમા ઉદ્યોગને ખાનગી એકમો માટે સરળ રીતે ખૂલ્લો મૂકવા અને વીમા ઉદ્યોગનો ક્રમસર વિકાસ થાય તેની તકેદારી રાખવા સરકારે વીમા ક્ષેત્રમાં ૨૬ ટકા સુધીના સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)ને મંજૂરી આપી.

## ધ્યાન રાખો

વીમા માટેના પ્રવર્તમાન એફડીઆઈ કાનૂન હેઠળ તે લખાયો ત્યારે ઘરઆંગણાની ખાનગી કંપનીઓને વિદેશી ભાગીદારો સાથે સંયુકત સાહસ રચવા પરવાનગી અપાઈ છે જેમાં વિદેશી ભાગીદાર ૨૬ ટકા સુધી હિસ્સો રાખી શકે છે.
૨૦૦૦ની સાલથી જ્યારથી વીમા ક્ષેત્ર ખાનગી સહભાગ માટે ખૂલ્લું મુકાયું છે ત્યારથી દેશમાં વીમાનું વિસ્તરણ વધ્યું છે. નવા પ્રકારના અને ધોરણસરના પ્રોડકટસ જે ગ્રાહકોની જરૂરિયાતો અને સ્પર્ધાત્મક પ્રીમિયમ પૂરું પાડે છે તેની ઉપલબ્ધતાથી ગ્રાહકોને ઘણો લાભ થઈ રહ્યો છે. આ વિકાસને ટકાવી રાખવા વીમા ક્ષેત્રમાં એફડીઆઈની મર્યાદા વધારીને ૪૯ ટકા સુધી કરવા સરકાર દરખાસ્ત ધરાવે છે. આ લખાયું હતું ત્યારે આ માટેનો ખરડો સંસદમાં પસાર થવા માટે બાકી પડયો હતો. આ ખરડો પસાર થઈ જવા સાથે, ઘરઆંગણાના ખાનગી ખેલાડીઓ સાથેના સંયુકત સાહસમાં વિદેશી ભાગીદારો પોતાનો હિસ્સો વધારીને ૪૯ ટકા સુધી કરી શકશે. આ ક્ષેત્રે થનારા ઘટનાક્રમો પર તમે નજર રાખી શકો છો.

## સૂચવાયેલી પ્રવૃત્તિ

કોઈપણ પાંચ ખાનગી જીવન વીમા કંપનીઓની યાદી તૈયાર કરો અને ઈન્ટરનેટ અથવા કંપની પ્રોડકટના પેમ્ફલેટસ્‌માંથી  આ કંપનીઓની શેરહોલ્ડિંગ પેટર્ન શું છે તે તપાસો. ઘરઆંગણાના ભાગીદારોનો હિસ્સો કેટલો છે અને વિદેશી ભાગીદારોનો હિસ્સો કેટલો છે તે તપાસો.

## ક૩બી: આવક વેરામાં રાહતો

જીવન વીમામાં રોકાણ કરવા વ્યક્તિને પ્રોત્સાહિત કરવા સરકાર વેરામાં કેવી રીતે  વિવિધ રાહતો પૂરી પાડે છે તે આપણે અગાઉના પ્રકરણોમાં જોઈ ગયા.  આને કારણે ભારતમાં જીવન વીમા ઊતારવામાં અને તેના વિસ્તરણમાં મદદ મળી છે.

<u>પ્રશ્ન ૧૩.૧</u>
ઈરડા તેની કામગીરી બજાવવામાં નિષ્ફળ રહે છે તેવું કેન્દ્ર સરકારને લાગે તો તે શું કરે છે ?

# ખ: મહત્વની  ભારતીય અને આંતરરાષ્ટ્રીય વીમા સંસ્થાઓ

આ વિભાગમાં ભારતીય વીમા ઉદ્યોગમાં મહત્વની ભૂમિકા ભજવતી કેટલીક મુખ્ય સંસ્થાઓ વિશે આપણે જાણશું.

## ખ૧ : ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા)

મલ્હોત્રા સમિતિના અહેવાલમાં કરાયેલી ભલામણને પગલે ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (ઈરડા)ની ૧૯૯૯માં એક સ્વાયત્ત સંસ્થા તરીકે નિમણૂંક થઈ હતી તે આપણે પ્રકરણ -૧માં જોઈ ગયા. વીમા બજારની નાણાંકીય સલામતીની ખાતરી રાખીને ગ્રાહકોને પસંદગીના વ્યાપક વિકલ્પો અને સ્પર્ધાત્મક પ્રીમિયમ પૂરા પાડી તેમનો સંતોષ વધારવા માટે સ્પર્ધાને પ્રોત્સાહન આપવાની કામગીરીનો ઈરડાના મુખ્ય હેતુઓમાં

સમાવેશ થાય છે. ભારતમાં વીમા અને પુનર્વીમાના વેપાર પર નિયમન, વિસ્તરણ તથા ક્રમસર વિકાસ કરવાની ઈરડાની ફરજ છે.

## ધ્યાન રાખો

બંધારણીય સંસ્થા તરીકે ઈરડાની એપ્રિલ ૨૦૦૦માં સ્થાપના થઈ હતી.
ઈરડાની ફરજો, સત્તા અને કામગીરી અંગે આપણે આ પ્રકરણમાં પાછળથી જોઈશું.

## ખ-૨ : લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ

લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલની રચના **વીમા ધારા ૧૯૩૮ની** કલમ ૬૪એ હેઠળ થઈ હતી. તેનું કામકાજ કારોબારી સમિતિ અને કેટલીક પેટા-સમિતિઓ દ્વારા થાય છે અને ભારતમાંની દરેક જીવન વીમા કંપનીઓનો તેમાં સમાવેશ થાય છે. આ સમિતિ વીમા ઉદ્યોગ વતિ સરકાર, ઈરડા અને જાહેર જનતા સાથે ચર્ચા હાથ ધરે છે અને તેનું સંકલન કરે છે. ટૂંકમાં કહીએ તો આ સમિતિ સંપૂર્ણ વીમા ઉદ્યોગનો ચ્હેરો છે.
લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલનો હેતુ લોકોને સમૃદ્ધિ તરફના તેમના પ્રવાસમાં મદદ કરવા સાથે ભારતના જીવન વીમા ઉદ્યોગને ધમધમતો, વિશ્વાસપૂર્ણ અને નફાકારક સેવા બનાવવામાં નોંધપાત્ર અને પ્રશંસનિય કામગીરી બજાવવાનો છે.

## લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલની કામગીરી નીચે પ્રમાણે છે:

- નીતિમત્તા અને વહીવટના ઊંચા ધોરણોને જાળવવાની.
- વીમા ઉદ્યોગ અંગે હકારાત્મક છાપ ઊભી કરવાની અને ગ્રાહકોનો વિશ્વાસ વધારવાની.
- જીવન વીમાના લાભો અને ભૂમિકા બાબત જાગૃતિ વધારવા.
- સરકાર, કાયદાના ઘડવૈયા તથા નિયામકો સાથે ધોરણાત્મક તથા હકારાત્મક ચર્ચા હાથ ધરવા.
- જીવન વીમામાં સંશોધન કરવાની અને આ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવાની.
- નાણાંકીય સેવા ક્ષેત્રની અન્ય સંસ્થાઓ સાથે વાર્તાલાપ કરવાના મંચ તરીકે ભૂમિકા ભજવવાની.
- વીમાના શિક્ષણ, તાલીમ અને પરિષદો યોજવામાં આગેવાન ભૂમિકા ભજવવાની
- સભ્યોને જરૂર જણાય ત્યારે મદદ અને માર્ગદર્શન પૂરૂં પાડવાની અને
- ભારતીય જીવન વીમા ઉદ્યોગ અને વૈશ્વિક બજારો વચ્ચે સક્રિય કડી બનવાની.

## ખ૩: જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ

જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ ભારતમાં સામાન્ય (બિન-જીવન) વીમા કંપનીઓના સંયુક્ત હિતોનું પ્રતિનિધિત્વ કરે છે. સમાન હિતોવાળા મુદ્દા પર બોલવું, નીતિવિષયક ચર્ચાઓમાં સહભાગ લેવો અને વીમા ઉદ્યોગમાં ગ્રાહક સેવાના ઊંચા ધોરણ માટે કાઉન્સિલ સલાહકાર તરીકે કામ કરે છે.

## ખ૪: ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈબીએઆઈ)

ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (આઈબીએઆઈ) ભારતમાં લાયસન્સવાળા દરેક વીમા દલાલોની ઈરડા દ્વારા માન્યતા પ્રાપ્ત સર્વોચ્ચ સંસ્થા છે. ભારતીય બજારમાં ઈરડાએ વીમા દલાલોને વ્યવસાયીક તરીકે રજૂ કર્યા છે જેઓ વીમા ખરીદદારોના હિતોનું પ્રતિનિધિત્વ કરે છે અને તેમને સેવા આપે છે. વીમા દલાલોને વીમા કંપની દ્વારા વળતર અપાતું હોવા છતાં તેઓ વીમાના ખરીદદારોનું પ્રતિનિધિત્વ કરે છે નહીં કે વીમા કંપનીઓનું.

### ધ્યાન રાખો

વીમા દલાલ (ઈન્સ્યોરન્સ બ્રોકર્સ) મારફત વેપાર કરવા બદલ પોલીસિધારક પર કોઈ વધારાનો ખર્ચ લાગુ થતો નથી.

## ખ-૫: ઈન્સ્ટિટ્યૂટ ઓફ એક્ચ્યુઅરિસ ઓફ ઈન્ડિયા (આઈએઆઈ)

ઈન્સ્ટિટ્યૂટ ઓફ એકચ્યુઅરિસ ઓફ ઈન્ડિયા (આઈએઆઈ) (અગાઉ એકચ્યુઅરિઅલ સોસાયટી ઓફ ઈન્ડિયા - એએસઆઈ તરીકે જાણીતી)ની રચના ૧૯૪૪માં થઈ હતી અને ૧૯૭૯માં ઈન્ટરનેશનલ એકચ્યુઅરિઅલ એસોસિએશનના સભ્ય તરીકે નોંધાઈ હતી.

### ધ્યાન રાખો

એકચ્યુઅરિ એટલે એવી વ્યક્તિ જે ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની પદ્ધતિ લાગુ કરી વીમામાં ચોક્કસ ઘટના સાથે સંકળાયેલ જોખમની આકારણી કરવામાં નિષ્ણાત હોય. ઉદાહરણ તરીકે પ્રકરણ -૪માંઆપણે જોઈ ગયા કે જીવન વીમા કંપનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા મૃત્યુદરના કોષ્ટક એક્ચ્યુઅરિ કઈ રીતે તૈયાર કરે છે. એક્ચ્યુઅરિ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ એકચ્યુઅરિસ ઓફ ઈન્ડિયા (આઈએઆઈ)નો સભ્ય હોવો જરૂરી છે.

### આઈએઆઈ શરૂ કરવાના હેતુ નીચે પ્રમાણે હતા:

- ભારતમાં એક્ચ્યુઅરિઅલ વ્યવસાયને આગળ વધારવાનો;
- આ વ્યવસાયના સભ્યો વચ્ચે વાર્તાલાપની તક પૂરી પાડવાનો;
- સંશોધનની સવલત પૂરી પાડવા અને સંબંધિત વિષયો પર પ્રવચનનું આયોજન;
- એક્ચ્યુઅરિઅલ પરીક્ષા માટે અભ્યાસ કરતાં હોય તેમને સવલતો અને માર્ગદર્શન પૂરું પાડવા.

## ખ૬: ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી)

સામાન્ય વીમા વેપાર સંબંધમાં વીમા કંપની દ્વારા પૂરા પડાતા દર, લાભો, મુદતો અને શરતો પર નિયંત્રણ અને નિયમન લાવવા વીમા ધારા ૧૯૩૮ની કલમ ૬૪યુ હેઠળ ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી)ની સ્થાપના થઈ હતી. પરિણામે, ભૂતકાળમાં અનેક વીમા પ્રોડકટસના ભાવ ટીએસી દ્વારા નિશ્ચિત કરાતાં દરો પર આધારિત હતા. ઈરડા દ્વારા ટીએસીને બિન-જીવન વીમા ઉદ્યોગ માટેની ડેટા રિપોઝિટરી તરીકે નિયુક્ત કરાઈ છે.

ઈરડા દરોના, ડી-ટેરિફિકેશનને તબક્કાવાર રીતે લાગુ કરવાની પ્રક્રિયામાં છે. કેટલાક પ્રકારના બિન-જીવન વીમામાં ડી-ટેરિફિકેશન લાગુ થઈ ગયું છે જ્યારે અન્યોમાં હજુ બાકી છે.

## ધ્યાન રાખો

**ડી-ટેરિફિકેશન** વીમાના ભાવને મૂકત કરવાની પ્રક્રિયા છે જેથી વીમા કંપનીઓ તેમના પ્રોડકટસની કિંમત તેના જોખમની આકારણી તથા બજારના પરિબળોને આધારે રાખી શકે છે નહીં કે તેમના પર લાગુ કરાયેલા ભાવ પ્રમાણે.

વીમા પ્રોડકટસના ભાવ હવે ટીએસી દ્વારા સૂચવાતા નથી છતાં વીમા કંપનીઓ આજે પણ ટીએસી દ્વારા ઘડી કઢાયેલી ધોરણાત્મક નીતિનો ઉપયોગ કરે છે.

## ખ૭: ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (આઈઆઈઆઈ)

ધ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (આઈઆઈઆઈ), ૧૯૫૫માં ફેડરેશન ઓફ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટસ તરીકે રચાયેલી જે **૧૯૮૭માં આઈઆઈઆઈ બની હતી.** ભારતમાં વીમા શિક્ષણ અને તાલીમ વધારવાનો તેનો હેતુ છે અને ઈરડા તથા જાહેર અને ખાનગી ક્ષેત્રની વીમા કંપનીઓ સહિતના વીમા ઉદ્યોગના દરેક ઘટક સાથે તે નજદીકથી સંકળાયેલ છે. આ સંસ્થા વિવિધ સ્તરે પરીક્ષાઓ હાથ ધરે છે અને ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ (જુઓ નીચે) સહિત કેનેડા, અમેરિકા તથા યુકે ખાતેની અન્ય આંતરરાષ્ટ્રીય વીમા સંસ્થાઓ સાથે કામ કરે છે

## ખ૮: નેશનલ ઈન્સ્યોરન્સ એકેડમી (એનઆઈએ), પૂણે

એલઆઈસી, જીઆઈસી અને અન્ય ચાર જાહેર ક્ષેત્રની સામાન્ય વીમા કંપનીના ટેકા સાથે સરકાર દ્વારા ૧૯૮૦માં એનઆઈએની સ્થાપના કરાઈ હતી. એનઆઈએ, પૂણેનો મુખ્ય હેતુ વીમાના તાલીમ કાર્યક્રમની રચના, અમલ તથા તેને હાથ ધરવાનો છે જે સહભાગી બનનારા અધિકારી, ફેકલ્ટી અને કર્મચારીને શીખવાની, સંશોધન કરવાની, સંચાલન તથા સંદેશાવ્યવહારની પ્રવૃત્તિમાં જોડી શકશે. વીમા અને જોખમ સંચાલનમાં સંશોધન, તાલીમ, શિક્ષણ, કન્સલટન્સી, પ્રકાશન અને નેતાગીરીના વિકાસ માટેની આ સર્વોચ્ચ સંસ્થા છે. ચિંતન કાર્યક્રમો મારફત એનઆઈએ-એ અનેક સક્ષમ વીમા વ્યવસાયીકો બહાર પાડ્યા છે.

## ખ૯: ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ (સીઆઈઆઈ)

ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ (સીઆઈઆઈ)ની રચના ૧૯૧૨માં યુકેમાં રોયલ ચાર્ટર દ્વારા કરાઈ હતી અને ૧૫૦ થી વધુ રાષ્ટ્રોમાં ૯૫૦૦૦ થી વધુ સભ્યો સાથે તે વીમા અને નાણાંકીય સેવા પૂરી પાડતી વિશ્વની સૌથી મોટી વ્યવસાયીક સંસ્થા છે. સુસંગત વ્યવસાયીક વૈશ્વિક ધોરણો સ્વીકારવા સીઆઈઆઈ કટિબદ્ધ છે અને સ્થાનિક બજારોમાં કામ કરતાં વીમા તથા નાણાંકીય સેવા ક્ષેત્રના કર્મચારી તથા એજન્ટોમાં વ્યવસાયીકપણા, નિપુણતા અને વર્તણૂંક સુધારવા સ્થાનિક નિયામકો, શૈક્ષણિક ભાગીદારો અને ઉદ્યોગના સંગઠનો સાથે તે કામ કરે છે.

## ખ૧૦: ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્સ્યોરન્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટ (આઈઆઈઆરએમ), હૈદરાબાદ

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્સ્યોરન્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટ (આઈઆઈઆરએમ) એ આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક અને સંશોધન સંસ્થા છે. વીમા તથા જોખમ સંચાલન (નિયમિત અને વધુ શીખવા માટેના અભ્યાસક્રમ)માં આંતરરાષ્ટ્રીય અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમના ફેલાવા માટે ઈરડા ધારા, ૧૯૯૯ની કલમ ૧૪ (એફ)ની જોગવાઈઓ પ્રમાણે ઈરડા અને આંધ્ર પ્રદેશની રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૨માં સંયુકત રીતે આ સંસ્થાની સ્થાપના થઈ હતી.

વીમા ક્ષેત્રની ઊભરતી બજારોના સમકાલીન પડકારો સંદર્ભમાં શીખવાની તથા વિકસાવવા માટેની જરૂરિયાતો પૂરી પાડવાનો આઈઆઈઆરએમનો હેતુ છે.

**<u>પ્રશ્ન ૧૩.૨</u> લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલની કામગીરી શું છે ?**

# ગ: ઈરડા તથા અન્ય નિયામકોની ફરજો, સત્તા અને કામગીરી

## ગ૧: ઈરડા

ઈરડા ધારા ૧૯૯૯ની કલમ -૧૪ ઈરડાની ફરજો, સત્તા તથા કામકાજ નિશ્ચિત કરે છે. ઈરડા ધારો ઈરડાને નીચે પ્રમાણે સત્તા આપે છે.

| | |
|---|---|
| એ) | અરજદાર(કંપની)ને નોંધણીનું પ્રમાણપત્ર જારી કરવાની અને આવા રજિસ્ટ્રેશન રિન્યુ કરવા, સુધારવા, પાછા ખેંચવા, સસ્પેન્ડ કરવા અથવા રદ કરવાની; |
| બી) | પોલીસિ જારી કરવા, પોલીસિધારકો દ્વારા કરાતા નોમિનેશન, વીમાપાત્ર હિતો, વીમા દાવાની પતાવટ, પોલીસિની સરન્ડર વેલ્યુ તથા વીમા કરારની અન્ય મુદતો તથા શરતોને લગતી બાબતોમાં પોલીસિધારકોના હિતોનું રક્ષણ કરવાની; |
| સી) | મધ્યસ્થી અને એજન્ટો માટે આવશ્યક લાયકાત, આચારસંહિતા અને પ્રત્યક્ષ (વ્યવહારૂ) તાલીમ ધોરણો નક્કી કરવાની; |
| ડી) | સર્વેયર્સ તથા નુકસાન આકારણીકારો માટે આચારસંહિતા ઘડી કાઢવાની; |
| ઈ) | વીમા વ્યવસાય હાથ ધરવાની ક્ષમતા વિકસાવવાની; |
| એફ) | વીમા તથા પૂનર્વીમા વ્યવસાય સાથે સંકળાયેલ વ્યવસાયીક સંસ્થાઓના વિકાસ તથા નિયમન કરવાની; |
| જી) | કલમ (એફ)માં ઉલ્લેખાયેલ વ્યવસાયીક સંગઠનોના વિકાસ તથા નિયમન માટે વીમા કંપનીઓ પાસેથી નાણાં યોજનાઓમાં આવનારી પ્રીમિયમ આવકની ટકાવારી નક્કી કરવાની; |
| એચ) | આ ધારાનો હેતુ હાથ ધરવા માટે જરૂરી ફી અને દરો લાગુ કરવાની; |
| આઈ) | વીમા વ્યવસાય સાથે સંકળાયેલ વીમા કંપનીઓ, મધ્યસ્થી તથા અન્ય સંસ્થાઓ પાસેથી માહિતી |

| | |
|---|---|
| | મંગાવવાની, નિરીક્ષણ હાથ ધરવાની, પૂછપરછ કરવાની, તપાસ તથા ઓડિટ કરવાની. |
| જે) | વીમા ધારા ૧૯૩૮ની કલમ ૬૪યુ હેઠળ ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી) દ્વારા નિયંત્રિત તથા નિયમન ન થતાં હોય તેવા સામાન્ય વીમા વેપાર સંબંધમાં વીમા કંપની દ્વારા પૂરા પડાતાં દરો, લાભો તથા મુદતો અને શરતો પર નિયંત્રણ તથા નિયમનની સત્તા (જુઓ વિભાગ **બી૬**); |
| કે) | હિસાબના ચોપડા કઈ રીતે જાળવવા જોઈએ તેનું માળખું અને પદ્ધતિ નક્કી કરવાની તથા વીમા કંપનીઓ અને મધ્યસ્થીઓએ સુપરત કરવાની રહેતી હિસાબની માહિતી કઈ રીતે આપવી તે નક્કી કરવાની; |
| એલ) | વીમા કંપનીઓ દ્વારા ફન્ડસના થતાં રોકાણ પર નિયમન કરવાની; |
| એમ) | કાયદા પ્રમાણે દરેક વીમા કંપનીએ સદ્ધરતા માટે જાળવવાના રહેતાં માર્જિન પર નિયમન (નોંધઃ સદ્ધરતાનું માર્જિન એટલે વીમા કંપનીની જવાબદારીઓ કરતાં અસ્કયામતની રકમ વધુ હોય) ; |
| એન) | વીમા કંપનીઓ અને મધ્યસ્થી વચ્ચેના વિવાદમાં ચુકાદો આપવાની; |
| ઓ) | ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી)ના કામકાજ પર દેખરેખ રાખવાની(જુઓ વિભાગ **બી૬);** |
| પી) | વીમા કંપનીએ ગ્રામ્ય તથા સામાજિક ક્ષેત્રમાં હાથ ધરવાના રહેતાં જીવન વીમા વ્યવસાય અને સામાન્ય વીમા વ્યવસાયની ટકાવારી નિશ્ચિત કરવાની;અને |
| ક્યુ) | પૂરી પડાતી અન્ય સત્તાઓ બજાવવાની. |

## ગ-૨:રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા એ ભારતની કેન્દ્રીય બેન્ક છે અને **રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા ધારા ૧૯૩૪ની** જોગવાઈઓને સુસંગત તેની ૧ એપ્રિલ ૧૯૩૫માં સ્થાપના થઈ હતી. આરબીઆઈ ભારતમાં નાણાં વ્યવસ્થાની નિયામક, નિરીક્ષક તથા નાણાંકીય સત્તા છે. બેન્કિંગ કામકાજો માટે તે માર્ગદર્શિકા જારી કરે છે જેની અંદર રહીને દેશની બેન્કિંગ તથા નાણાં વ્યવસ્થા કામ કરે છે. આરબીઆઈ દેશની નાણાં નીતિની રચના, તેનો અમલ તથા દેખરેખ રાખવાની પણ કામગીરી કરે છે અને ભાવમાં સ્થિરતા જળવાઈ રહે તેની તકેદારી રાખે છે.

## ગ૩: સિક્યુરિટીસ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)

**સિક્યુરિટીસ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા ધારા ૧૯૯૨ની** જોગવાઈઓને સુસંગત ૧૨ એપ્રિલ ૧૯૯૨ના સેબીની સ્થાપના થઈ હતી. સેબી ભારતની સિક્યુરિટી બજારની નિયામક છે અને સિક્યુરિટી બજારમાં દરેક રોકાણકારોના હિતોનું તે રક્ષણ કરે છે. સમયે - સમયે આવશ્યકતા પ્રમાણે યોગ્ય પગલાં મારફત સિક્યુરિટી બજારના વિસ્તાર તથા વિકાસ કરવાની પણ તેની જવાબદારી છે.

### પ્રશ્ન ૧૩.૩

ઈરડાના મુખ્ય હેતુઓ કયા કયા છે ?

# ઘઃ ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો ૨૦૦૦

૨૦૦૦ના જુલાઈમાં ઈરડાએ ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો જારી કર્યા હતાં. આ ધારો વીમા એજન્ટોને લાયસન્સ જારી કરવા તથા તેના રિન્યુઅલને લગતો હોવાથી તેના વિશે જાણવાનું તમારા માટે મહત્વનું છે.

## ઘ૧: વીમા એજન્ટ બનવું

તમે જીવન વીમા એજન્ટ બનવા માંગતા હો તો એક વ્યક્તિ તરીકે તમારે અનેક પગલાં ભરવાના રહે છે અને અનેક નિયમોનું પાલન કરવાનું રહે છે.

એજન્ટ બનવા માટે

↓

અરજી ફોર્મ (નિયમ ૩) અને ફી (નિયમ ૭)

↓

લાયકાત (નિયમ ૪)

↓

પ્રત્યક્ષ (પ્રેક્ટિકલ/વ્યવહારૂ) તાલીમ (નિયમ ૫)

↓

પરીક્ષા (નિયમ ૬)

↓

લાયસન્સ ધરાવતાં એજન્ટ

## ઘ૧એ: અરજી

વીમા એજન્ટ તરીકે કામ કરવા લાયસન્સ મેળવવા માંગતી વ્યક્તિએ પ્રથમ એક અરજી કરવાની રહે છે. **નિયમ-૩માં** સૂચવાયેલી વ્યક્તિને સંબોધીને આવશ્યક રૂપરેખામાં આ અરજી કરવાની રહે છે. **નિયમ–૭માં** દર્શાવાયા પ્રમાણે સદર ઓથોરિટીને ચૂકવવાપાત્ર રૂપિયા ૨૫૦ની ફી આ અરજી સાથે ભરવાની રહે છે.

## ઘ૧બી: લાયકાત

**નિયમ-૪માં** જણાવ્યા પ્રમાણે અરજદાર નીચે પ્રમાણેની લાયકાત ધરાવતો હોવો જોઈએ:

| |
|---|
| છેલ્લી વસતિ ગણતરી પ્રમાણે ૫૦૦૦ કે તેથી વધુની વસતિવાળા વિસ્તારમાં રહેતાં અરજદાર નીચે પ્રમાણેની લાયકાત ધરાવતો હોવો જોઈએ. |
| ● ઓછામાં ઓછું બારમું ધોરણ પાસ; અથવા |

| |
|---|
| ● માન્યતા પ્રાપ્ત કોઈપણ બોર્ડ અથવા સંસ્થા દ્વારા લેવાયેલી સમકક્ષ પરીક્ષા |

| |
|---|
| આ સિવાયના સ્થળોએ રહેતા અરજદાર (૫૦૦૦થી ઓછી વસતિવાળા) |
| ● ઓછામાં ઓછું દસમું ધોરણ પાસ; અથવા<br>● માન્યતા પ્રાપ્ત કોઈપણ બોર્ડ અથવા સંસ્થા દ્વારા લેવાયેલી સમકક્ષ પરીક્ષા |

## ઘ૧સીઃ પ્રત્યક્ષ (પ્રેક્ટિકલ/વ્યવહારૂ)તાલીમ

અરજદારે **નિયમ -૫માં** જણાવ્યા પ્રમાણેની પ્રત્યક્ષ તાલીમ લેવાની રહેશે. પ્રથમ જ વખત લાયસન્સ માંગતા હોય તેવા અરજદારે માન્યતા પ્રાપ્ત સંસ્થા પાસે જીવન વીમા વ્યવસાયની ઓછામાં ઓછી ૫૦ કલાક (સર્વગ્રાહી/કોમ્પોઝિટ એજંસીના કિસ્સામાં ૭૫ કલાક)ની પ્રત્યક્ષ તાલીમ પૂરી કરવાની રહેશે. પરંતું જો અરજદાર વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય (પેટા નિયમ (૧) હેઠળ નિશ્ચિત કરાયા પ્રમાણે) તો પ્રત્યક્ષ તાલીમની આવશ્યકતા થોડીઘણી હળવી બનાવવામાં આવે છે.

## ઘ૧ડીઃ પરીક્ષા

જીવન વીમા વ્યવસાય માટે અરજદારે **નિયમ -૬**માં જણાવ્યા પ્રમાણે ભરતી–પૂર્વેની પરીક્ષા પસાર કરવાની રહે છે. આ પરીક્ષા ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (આઈઆઈઆઈ) અથવા અન્ય કોઈપણ માન્યતા પ્રાપ્ત પરીક્ષા સંસ્થા લઈ શકે છે.

## ઘ૧ઈઃ લાયસન્સ જારી કરવા

અરજદારે નીચેના નિયમોનું પાલન કર્યું છે એવો નિયુક્ત વ્યક્તિને સંતોષ થવા પર તે લાયસન્સ જારી કરે છેઃ

- નિયમ - ૪નું (યોગ્ય લાયકાત) પાલન થયું છે કે કેમ;
- નિયમ–૫નું (પ્રત્યક્ષ તાલીમ લીધી છે કે) પાલન થયું છે કે કેમ;
- નિયમ -૬નું (જરૂરી પરીક્ષા પસાર કરી છે કે કેમ) પાલન થયું છે કે કેમ;
- કરેલી અરજી દરેક રીતે સંપૂર્ણ ભરાઈ છે કે કેમ;
- વીમાનો વ્યવસાય ઈચ્છવા અને મેળવવા માટે યોગ્ય જ્ઞાન છે કે કેમ; અને
- પોલીસિધારકોને આવશ્યક સેવાઓ પૂરી પાડવા શક્તિમાન છે કે કેમ.

## ઘ૧એફ: લાયસન્સને રિન્યુ કરવા

વીમા એજન્ટ તરીકે ચાલુ રહેવા માટે લાયસન્સનું રિન્યુઅલ ઈચ્છવા પહેલાં અરજદારે **નિયમ ૫ (૩)**માં સૂચવાયા પ્રમાણે માન્યતા પ્રાપ્ત સંસ્થા પાસે જીવન વીમા વ્યવસાયની ઓછામાં ઓછી ૨૫ કલાકની પ્રત્યક્ષ તાલીમ પૂરી કરવાની રહે છે.

## ઘ૧જી: લાયસન્સ રદ કરવું

ધારાની કલમ -૪૨ની પેટા કલમ (૪)માં ઉલ્લેખાયા પ્રમાણેની કોઈપણ ગેરલાયકાત ધરાવતા વીમા એજન્ટનું નિયુક્ત વ્યક્તિ લાયસન્સ રદ કરી શકે છે.

પેટા -કલમમાં ઉલ્લેખાયેલા વ્યકિતગત એજન્ટ માટેના ગેરલાયકાતના ધોરણો નીચે પ્રમાણે છે:

- વ્યક્તિ સગીર હોય.
- સક્ષમ હકુમત હેઠળની અદાલત દ્વારા કોઈ વ્યક્તિ અસ્થિર મગજની જાહેર કરાઈ હોય.
- કોઈ વ્યક્તિ ફોજદારી ગેરવહીવટ કરવા બદલ કસૂરવાર ઠર્યો હોય, વિશ્વાસ ભંગ કર્યો હોય, છેતરપિંડી કરી હોય, બનાવટ કરી હોય અથવા આવા ગુના કરવામાં મદદ કરવા બદલ અથવા તે માટે પ્રયાસ કરવા બદલ સક્ષમ હકુમત હેઠળની અદાલત દ્વારા ગુનેગાર ઠરાવાઈ હોય તેવી વ્યક્તિ.
  - જો કે આવા ગુના બદલ ફરમાવાયેલી સજાના ઓછામાં ઓછા પાંચ વર્ષ પસાર થઈ ગયા બાદ સામાન્ય રીતે આ સજા ગેરલાયકાત માટેનું કારણ રહેતી નથી.
- વીમા કંપની અથવા વીમાધારક વિરુદ્ધ કોઈપણ બનાવટ, અપ્રમાણિકતા અથવા ગેરરજૂઆત કરવા બદલ અથવા જાણીબુઝીને તેમાં સહભાગી બનવા બદલ ગુનેગાર જણાઈ હોય તેવી વ્યક્તિ.
- જરૂરી લાયકાત ધરાવતો ન હોય અથવા નિયમમાં જણાવ્યા પ્રમાણે બાર માસથી વધુ નહીં એટલા સમયગાળા માટે આવશ્યક તાલીમ લીધી ન હોય તેવી વ્યક્તિ.
- વ્યક્તિએ આચાર સંહિતાનો ભંગ કર્યો હોય. (જુઓ કલમ **ડી-૨**)

### પ્રશ્ન ૧૩.૪

નવા જીવન વીમા એજન્ટે કેટલા કલાકની પ્રત્યક્ષ તાલીમ લેવાની રહે છે ?

## ઘ૧એચ: ડૂપ્લિકેટ લાયસન્સ જારી કરવું

મૂળ લાયસન્સ ગુમાઈ ગયું હોય, નુકસાન પામ્યું અથવા ખરાબ થઈ ગયું હોય તો સત્તાવાળા રૂપિયા ૫૦ની ફીની ચૂકવણી પર ડૂપ્લિકેટ લાયસન્સ જારી કરી આપે છે.

## ઘ૧આઈ: લાયસન્સ વગર કામ કરવું

લાયસન્સ વગર વીમા એજન્ટ તરીકે કામ કરતી વ્યક્તિ પાસેથી રૂપિયા ૫૦૦નો દંડ વસૂલવામાં આવે છે.

## ઘ-૨ : એજન્ટ માટેની આચાર સંહિતા

લાયસન્સના નિયમો ઉપરાંત, નિયામકે આચાર સંહિતા પણ ઘડી કાઢી છે જે દરેક વીમા એજન્ટે અનુસરવાની રહે છે. આચાર સંહિતા અંગે આપણે પ્રકરણ -૧૫માં ચર્ચા કરશું.

### પ્રશ્ન ૧૩.૫

વીમા એજન્ટ બનવા માટે તમારે કેવા પગલાં ભરવાના રહે છે ?

**મુખ્ય મુદ્દા**

## સરકારની ભૂમિકા

● ઈરડા ધારો, ૧૯૯૯ નોટિફિકેશન જારી કરીને ઈરડાને બરખાસ્ત કરવાની ભારતની કેન્દ્ર સરકારને સત્તા આપે છે.

● સદર ધારો તકનિકી તથા વહીવટી બાબતો સિવાયની બાબતો અંગેની નીતિના પ્રશ્નો પર ઈરડાને સમયેસમયે લેખિતમાં નિર્દેશ જારી કરવાની કેન્દ્ર સરકારને સત્તા આપે છે.

● પ્રવર્તમાન ધારા હેઠળ સરકારે વીમા ક્ષેત્રમાં ૨૬ ટકા સુધીના સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)ને મંજૂરી આપી છે.

● વીમામાં રોકાણ કરવા લોકોને પ્રોત્સાહિત કરવા સરકાર વિવિધ વેરામાં રાહતો આપે છે.

## મુખ્ય ભારતીય સંસ્થાઓ

**● લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલ (એલઆઈસી)** સરકાર, ઈરડા અને જાહેર જનતા સાથે ચર્ચા હાથ ધરે છે અને તેનું સંકલન કરે છે. તે સંપૂર્ણ વીમા ઉદ્યોગનો ચ્હેરો છે.

**● ઈન્સ્યોરન્સ બ્રોકર્સ એસોસિયેશન ઓફ ઈન્ડિયા (આઈબીએઆઈ)** ભારતમાં લાયસન્સવાળા દરેક વીમા દલાલો (બ્રોકર્સ)ની ઈરડા દ્વારા માન્યતા પ્રાપ્ત સર્વોચ્ચ સંસ્થા છે.

**● ઈન્સ્ટિટ્યૂટ ઓફ એક્ચ્યુઅરિસ ઓફ ઈન્ડિયા (આઈએઆઈ)**નો હેતુ ભારતમાં એક્ચ્યુઅરિલ વ્યવસાયને વિસ્તારવાનો છે.

● સામાન્ય વીમા વેપાર સંબંધમાં વીમા કંપની દ્વારા પૂરા પડાતા દર, લાભો, મુદતો અને શરતો પર નિયંત્રણ અને નિયમન લાવવા **<u>ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી)</u>**ની સ્થાપના થઈ હતી.

● ભારતમાં વીમા શિક્ષણ અને તાલીમ વધારવાના હેતુ સાથે **<u>ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા (આઈઆઈઆઈ)</u>**ની રચના થઈ હતી.

● **<u>ચાર્ટર્ડ ઈન્સ્યોરન્સ ઈન્સ્ટિટયૂટ (સીઆઈઆઈ)</u>** સ્થાનિક બજારોમાં કામ કરતાં વીમા તથા નાણાંકીય સેવા ક્ષેત્રના કર્મચારી તથા એજન્ટોમાં વ્યવસાયીકપણા, નિપુણતા અને વર્તણૂંક સુધારવા સ્થાનિક નિયામકો, શૈક્ષણિક ભાગીદારો અને ઉદ્યોગના સંગઠનો સાથે તે કામ કરે છે.

## <u>ઈરડા તથા અન્ય નિયામકોની ફરજો, સત્તા અને કામગીરી</u>

* વીમા ઉદ્યોગ પર નિયમન તથા તેના વિકાસ માટે ઈરડાની સ્વાયત્ત સંસ્થા તરીકે રચના થઈ છે.
* ઈરડા ધારા ૧૯૯૯ની કલમ -૧૪ ઈરડાની ફરજો, સત્તા તથા કામકાજ નિશ્ચિત કરે છે.
* વીમા તથા પૂનર્વીમા વ્યવસાયના નિયમન, વિકાસ તથા ક્રમસર વૃદ્ધિ થાય તેની તકેદારી રાખવાની ઈરડાની ફરજ છે.

## <u>ઈરડા (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો, ૨૦૦૦</u>

● ૨૦૦૦ના જુલાઈમાં ઈરડાએ વીમા એજન્ટોને લાયસન્સ જારી કરવા તથા રિન્યુ કરવા માટેના ઈન્સ્યોરન્સ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (લાયસન્સીંગ ઓફ ઈન્સ્યોરન્સ એજન્ટસ) નિયમનો જારી કર્યા હતાં.

● વીમા એજન્ટ બનવા માંગતી વ્યક્તિએ, નિયુકત વ્યક્તિને આવશ્યક રૂપરેખામાં ચોક્કસ રકમની ફી સાથે એક અરજી કરવાની રહે છે. લાયસન્સ જારી કરાય તે પહેલાં તેણે યોગ્ય લાયકાત મેળવેલ હોવી જોઈએ, જરૂરી તાલીમ લેવાની રહે છે અને પરીક્ષા પાસ કરવાની રહે છે.

## <u>સવાલજવાબ</u>

### <u>૧૩.૧</u>

પોતાના કાબૂ બહારના કારણોસર અથવા તેની ફરજો અને જવાબદારીઓ પરિપૂર્ણ કરવામાં તે સતત નિષ્ફળ જાય છે એવું કેન્દ્ર સરકારને જણાય તો તે ઈરડાને બરખાસ્ત કરવાની સત્તા ધરાવે છે. એક નોટિફિકેશન જારી કરીને તે આમ કરી શકે છે.

### <u>૧૩.૨</u>

## <u>લાઈફ ઈન્સ્યોરન્સ કાઉન્સિલની કામગીરી નીચે પ્રમાણે છે:</u>

૧. નીતિમત્તા અને વહીવટના ઊંચા ધોરણોને જાળવવાની.
૨. વીમા ઉદ્યોગ અંગે હકારાત્મક છાપ ઊભી કરવાની અને ગ્રાહકોનો વિશ્વાસ વધારવાની.
૩. જીવન વીમાના લાભો અને ભૂમિકા બાબત જાગૃતિ વધારવા.
૪. સરકાર, કાયદાના ઘડવૈયા તથા નિયામકો સાથે ધોરણાત્મક તથા હકારાત્મક ચર્ચા હાથ ધરવા
૫. જીવન વીમામાં સંશોધન કરવાની અને આ ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવાની
૬. નાણાંકીય સેવા ક્ષેત્રની અન્ય સંસ્થાઓ સાથે વાર્તાલાપ કરવાના મંચ તરીકે
૭. વીમાના શિક્ષણ, તાલીમ અને પરિષદો યોજવામાં આગેવાન ભૂમિકા ભજવવાની
૮. સભ્યોને જરૂર જણાય ત્યારે મદદ અને માર્ગદર્શન પૂરું પાડવાની
૯. ભારતીય જીવન વીમા ઉદ્યોગ અને વૈશ્વિક બજારો વચ્ચે સક્રિય કડી બનવાની

## ૧૩.૩

વીમા બજારની નાણાંકીય સલામતીની ખાતરી રાખીને ગ્રાહકોને પસંદગીના વ્યાપક વિકલ્પો અને સ્પર્ધાત્મક પ્રીમિયમ પૂરા પાડી તેમનો સંતોષ વધારવા માટે સ્પર્ધાને પ્રોત્સાહન આપવાની કામગીરીનો ઈરડાના મુખ્ય હેતુઓમાં સમાવેશ થાય છે.

## ૧૩.૪

નવા જીવન વીમા એજન્ટે ૫૦ કલાકની તાલીમ લેવાની રહે છે. પરંતું જો તે વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો તાલીમની આવશ્યકતા થોડીઘણી હળવી બનાવવામાં આવે છે.

## ૧૩.૫

તમે જીવન વીમા એજન્ટ બનવા માંગતા હો તો એક વ્યક્તિ તરીકે તમારે અનેક પગલાં ભરવાના રહે છે અને અનેક નિયમોનું પાલન કરવાનું રહે છે.

૧. પ્રથમ તમારે નિયુક્ત વ્યક્તિને આવશ્યક રૂપરેખામાં એક અરજી કરવાની રહે છે (નિયમ -૩), રૂપિયા ૨૫૦ની ફી આ અરજી સાથે ભરવાની રહે છે ( નિયમ–૭).
૨. તમારી ઓછામાં ઓછી લાયકાત આ પ્રમાણે હોવી જોઈએઃ છેલ્લી વસતિ ગણતરી પ્રમાણે ૫૦૦૦ કે તેથી વધુની વસતિવાળા વિસ્તારમાં રહેતાં હો તો ઓછામાં ઓછું બારમું ધોરણ અથવા સમકક્ષ પરીક્ષા પાસ; આ સિવાયના સ્થળોએ રહેતા હો તો ઓછામાં ઓછું દસમું ધોરણ અથવા સમકક્ષ પાસ; (નિયમ -૪)
૩. તમારે ૫૦ કલાકની પ્રત્યક્ષ તાલીમ લેવાની રહે છે. (જો તમે વધારાની શૈક્ષણિક લાયકાત ધરાવતો હોય તો ઓછા કલાક) (નિયમ -૫)
૪. જીવન વીમા વ્યવસાયમાં તમારે ભરતી પૂર્વેની પરીક્ષા પસાર કરવાની રહે છે. ( નિયમ–૬)
૫. તમે ઉપરની દરેક શરત પૂર્ણ કરશો અને વીમા વ્યવસાય ઈચ્છવા તથા મેળવવા આવશ્યક જ્ઞાન અને નિપુણતા ધરાવતા હશો તથા પોલીસિધારકોને આવશ્યક સેવા પૂરી પાડવા સહમત હશો તો તમને તમારું લાયસન્સ જારી કરાશે.

## સ્વચકાસણી પ્રશ્નો

૧. વીમા એજન્ટ માટે ઓછામાં ઓછી લાયકાત શું છે ?
૨. ઈરડાની સાત સત્તા અને કામકાજની યાદી બનાવો.
૩. ઈરડા ધારા ૧૯૯૯ હેઠળ કેન્દ્ર સરકારની ભૂમિકા શું જણાવાઈ છે ?
૪. ભારતમાં વીમા ક્ષેત્રે હાલમાં કેટલી એફડીઆઈને મંજૂરી અપાય છે ?

**આ પ્રશ્નના ઉત્તર તમને પછીના પૃષ્ઠ પર જાણવા મળશે**

## <u>સ્વચકાસણી પ્રશ્નોત્તરી</u>

**૧.**
અરજદાર નિયમ -૪માં જણાવ્યા પ્રમાણે ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએઃ છેલ્લી વસતિ ગણતરી પ્રમાણે અરજદાર ૫૦૦૦ કે તેથી વધુની વસતિવાળા વિસ્તારમાં રહેતો હોય તો તે ઓછામાં ઓછું બારમું ધોરણ અથવા માન્યતા પ્રાપ્ત કોઈપણ બોર્ડ અથવા સંસ્થા દ્વારા લેવાયેલી સમકક્ષ પરીક્ષા પાસ હોવો જોઈએ અરજદાર આ સિવાયના અન્ય સ્થળોએ (૫૦૦૦થી ઓછી વસતિવાળા વિસ્તારમાં) રહેતા હોય તો ઓછામાં ઓછું દસમું ધોરણ અથવા માન્યતા પ્રાપ્ત કોઈપણ બોર્ડ અથવા સંસ્થા દ્વારા લેવાયેલી સમકક્ષ પરીક્ષા પાસ હોવો જોઈએ.

**૨.**

તમારા જવાબમાં નીચેનામાંથી કોઈપણ સાત મુદ્દા જણાવો.

ઈરડાની કામગીરી તથા સત્તા નીચે પ્રમાણે છેઃ

| | |
|---|---|
| એ) | અરજદાર(કંપની)ને નોંધણીનું પ્રમાણપત્ર જારી કરવાની અને આવા રજિસ્ટ્રેશન રિન્યુ કરવા, સુધારવા, પાછા ખેંચવા, સસ્પેન્ડ કરવા અથવા રદ કરવાની; |
| બી) | પોલીસિ જારી કરવા, પોલીસિધારકો દ્વારા કરાતા નોમિનેશન, વીમાપાત્ર હિતો, વીમા દાવાની પતાવટ, પોલીસિની સરેન્ડર વેલ્યુ તથા વીમા કરારની અન્ય મુદતો તથા શરતોને લગતી બાબતોમાં પોલીસિધારકોના હિતોનું રક્ષણ કરવાની; |
| સી) | મધ્યસ્થી અને એજન્ટો માટે આવશ્યક લાયકાત, આચારસંહિતા અને પ્રત્યક્ષ (વ્યવહારૂ/પ્રેક્ટિકલ) તાલીમ ધોરણો નક્કી કરવાની; |
| ડી) | સર્વેયર્સ તથા નુકસાન આકારણીકારો માટે આચારસંહિતા ઘડી કાઢવાંની; |
| ઈ) | વીમા વ્યવસાય હાથ ધરવાની ક્ષમતા વિકસાવવાની; |
| એફ) | વીમા તથા પૂનર્વીમા વ્યવસાય સાથે સંકળાયેલ વ્યવસાયીક સંસ્થાઓના વિકાસ તથા નિયમન કરવાની.; |
| જી) | કલમ (એફ)માં ઉલ્લેખાયેલ વ્યવસાયીક સંગઠનોના વિકાસ તથા નિયમન માટે વીમા કંપનીઓ પાસેથી નાણાં યોજનાઓમાં આવનારી પ્રીમિયમ આવકની ટકાવારી નક્કી કરવાની; |
| એચ) | આ ધારાનો હેતુ હાથ ધરવા માટે જરૂરી ફી અને દરો લાગુ કરવાની; |
| આઈ) | વીમા વ્યવસાય સાથે સંકળાયેલ વીમા કંપનીઓ, મધ્યસ્થી તથા અન્ય સંસ્થાઓ પાસેથી માહિતી મંગાવવાની, નિરીક્ષણ હાથ ધરવાની, પૂછપરછ કરવાની, તપાસ તથા ઓડિટ કરવાની. |
| જે) | વીમા ધારા ૧૯૩૮ની કલમ ૬૪યુ હેઠળ ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી) દ્વારા નિયંત્રિત તથા |

| | |
|---|---|
| | નિયમન ન થતાં હોય તેવા સામાન્ય વીમા વેપાર સંબંધમાં વીમા કંપની દ્વારા પૂરા પડાતાં દરો, લાભો તથા મુદતો અને શરતો પર નિયંત્રણ તથા નિયમનની સત્તા (જુઓ વિભાગ **બી૬**); |
| કે) | હિસાબના ચોપડા કઈ રીતે જાળવવા જોઈએ તેનું માળખું અને પદ્ધતિ નક્કી કરવાની તથા વીમા કંપનીઓ અને મધ્યસ્થીઓએ સુપરત કરવાની રહેતી હિસાબની માહિતી કઈ રીતે આપવી તે નક્કી કરવાની; |
| એલ) | વીમા કંપનીઓ દ્વારા ફન્ડસના થતાં રોકાણ પર નિયમન કરવાની; |
| એમ) | કાયદા પ્રમાણે દરેક વીમા કંપનીએ સદ્ધરતા માટે જાળવવાના રહેતાં માર્જિન પર નિયમન (નોંધઃ સદ્ધરતાનું માર્જિન એટલે વીમા કંપનીની જવાબદારીઓ કરતાં અસ્કયામતની રકમ વધુ હોય) ; |
| એન) | વીમા કંપનીઓ અને મધ્યસ્થી વચ્ચેના વિવાદમાં ચુકાદો આપવાની; |
| ઓ) | ટેરિફ એડવાઈઝરી કમિટિ (ટીએસી)ના કામકાજ પર દેખરેખ રાખવાની(જુઓ વિભાગ **બી૬**); |
| પી) | વીમા કંપનીએ ગ્રામ્ય તથા સામાજિક ક્ષેત્રમાં હાથ ધરવાના રહેતાં જીવન વીમા વ્યવસાય અને સામાન્ય વીમા વ્યવસાયની ટકાવારી નિશ્ચિત કરવાની;અને |
| ક્યુ) | પૂરી પડાતી અન્ય સત્તાઓ બજાવવાની. |

**૩.**

ઈરડા સંબંધે કેન્દ્ર સરકારની ભૂમિકા ઈરડા ધારામાં સ્પષ્ટ કરાઈ છે. જે આપણે ટૂંકમાં નીચે પ્રમાણે સમજશું:

● સંસદ દ્વારા કાયદા પ્રમાણે યોગ્ય ફાળવણી કરાયા બાદ સદર ધારા હેઠળના હેતુના વપરાશ માટે ઈરડાને ગ્રાન્ટસ જારી કરવી.

● ઈરડાના વાર્ષિક ખાતાકીય અહેવાલનું ભારતના કમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ દ્વારા ઓડિટ થવું જોઈએ તથા તેનું પ્રમાણપત્ર મળવું જોઈએ અને બાદમાં તે કેન્દ્ર સરકારને મોકલવાનું રહે છે. આ અહેવાલ બાદમાં કેન્દ્ર સરકાર દ્વારા સંસદના દરેક ગૃહમાં રજૂ થવો જોઈએ.

● તકનિકી તથા વહીવટી બાબતો સિવાયની બાબતો અંગેની નીતિના પ્રશ્નો પર કેન્દ્ર સરકાર ઈરડાને નિર્દેશ જારી કરી શકે છે. આવા નિર્દેશો કેન્દ્ર સરકાર સમયેસમયે લેખિતમાં આપી શકે છે અને ઈરડાએ તેનું પાલન કરવાનું રહે છે.

● વીમા ઉદ્યોગના વિસ્તરણ અને વિકાસ માટે કોઈપણ સૂચિત અથવા વર્તમાન કાર્યક્રમ સંબંધિત માહિતી, નિવેદનો અને અન્ય વિગતો ઈરડાએ કેન્દ્ર સરકારને આવશ્યકતા પ્રમાણે સમયે સમયે પૂરી પાડવાની રહે છે.

● ધારાની જોગવાઈઓના પાલન માટે નિયમો ઘડવા કેન્દ્ર સરકારને સત્તા છે અને નોટિફિકેશન જારી કરીને તે આ કરી શકે છે.

**૪.**

સરકારે હાલમાં વીમા ક્ષેત્રમાં ૨૬ ટકા સુધીના સીધા વિદેશી રોકાણ (એફડીઆઈ)ને મંજૂરી આપી છે. ઘરઆંગણાની ખાનગી કંપનીઓને વિદેશી ભાગીદારો સાથે સંયુકત સાહસ રચવા પરવાનગી અપાઈ છે જેમાં વિદેશી ભાગીદાર ૨૬ ટકા સુધી હિસ્સો રાખી શકે છે.